# Cost Accountancy final result declared

Ahmedabad Mirror Bureau
amfeedback@timesgroup.in
TWEETS @ahmedabadmirror

The Institute of Cost Accountants of India (ICAI) declared the result of Cost and Management Accountant – Final (CMA) on Friday. The exam was held in June this year. This is the first time that the Ahmedabad chapter has recorded a result 16.6 per cent higher than last year. The overall result of the ICAI Ahmedabad chapter of CMA course is 26 per cent. Two students from the chapter secured ranks in top All India Rank (AIR) 50.

Vinod Savaliya, chairman of ICAI, said, "Like other professional courses like Chartered Accountant and Company Secretary, the demand of the course of Cost Accountant is also gradually rising among students. CMA is basically a course that teaches students about the costing of a product. In multinationals and large scale industries, deciding a costing of a product and calculating the cost control is the important factor. These two responsibilities are mainly handled by the CMA."

"Same as CA course, CMA has three stages: foundation, intermediate and final. After completing final, the students can work in companies or start their own practice. Every year, 50 to 60 students complete CMA final," he further added.

Harshdipsinh Saluja (22) secured AIR 40 in CMA final said, "I always wanted to study different than pursuing CA and CS which majority of the commerce graduates study. Costing and product pricing fascinates me so, I decided to study cost accountancy. Interestingly, the course is even difficult than CA and CS. Now I am preparing for job placements to be held in December."

Another student, Niyati Shah (25) who secured AIR 46 said, "I studied for 12 hours every day and focused on fundamentals. I took a sabbatical after finishing BCom in 2012 so, it was little difficult for me to get back to study again. My husband, in-laws and faculty members at the institute have supported me to complete the course."

# ICAI ટોપર્સને પ્લાનિંગ, મહેનત અને પ્રેક્ટિસથી મળી સફળતા

ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા જુન 2015માં લેવાયેલી ફાઈનલ અને ઈન્ટર મિડિએટ એક્ઝામનું રિઝલ્ટ 28 ઓગસ્ટે જાહેર થયું. આ રિઝલ્ટમાં અમદાવાદ ચેપ્ટરનું 19 ટકા પરિણામ આવ્યું છે. જે ઈન્ડિયાના એવરેજ પરિણામથી 2 ટકા વધારે છે. જ્યારે ઈન્ટર મિડિએટની વાત કરીએ તો અમદાવાદ ચેપ્ટરનું પરિણામ 10 ટકા છે. ICAIના ફાઈનલ અને ઈન્ટર મિડિએટના સ્ટુડન્ટ્સનો સક્સેસનો ફંડા જાણીએ તેમના જ શબ્દોમાં.



(ડાબેથી ટોપર્સ પ્રતિક પંડ્યા, મનોજ કુમાવત, મુકેશ અશ્વિની, નિયતી શાહ અને હર્ષદીપ સલુજા જોવા મળે છે)

## 10 કલાકની મહેનત

કંપની લો અને ફાઈનાન્શિઅલ એકાઉન્ટ મારા ફેવરિટ સબ્જેક્ટ છે, જેમાં મારા પ્લાનિંગ પ્રમાણે પ્રેક્ટિસ કરીને હું સક્સેસ મેળવી શક્યો છું. ડેઈલી 10 કલાકની પ્રિપરેશન અને પછી તમામ એક્ટિવિટિમાં પાર્ટીસિપેટ કરવાથી કોન્ફિડન્સ મળ્યો હતો. **હર્ષદીપ સલુજા,** સેકન્ડ રેન્કર, અમદાવાદ, ફાઈનલ એક્ઝામ

## ડ્રિમ પર ફોક્સ કર્યું

હું શરૂઆતથી જ મને ટફ લાગતા એન્ટર પ્રાઈઝ પરફોર્મન્સ મેનેજમેન્ટ સબ્જેક્ટ પર સ્પેશિયલ ફોકસ કરતી હતી. તેમાં સારો સ્કોર કરી શકી તેનો મને આનંદ છે. માત્ર આ સક્સેસથી નહીં અટકુ પણ મારું ડ્રિમ ઈન્ટરનેશનલ ફર્મમાં કામ કરવાનું પણ છે.

**-નિયતી શાહ,** થર્ડ રેન્કર, અમદાવાદ,ફાઈનલ એક્ઝામ

## ફ્રેન્ડસનો મળ્યો સપોર્ટ

લાઈફના દરેક ફિલ્ડમાં અલગ અલગ તબક્કે એક્ઝામમાંથી પસાર થવું પડે છે. ICAIના મારા સ્ટડીની વાત કરું તો તેને હું શરૂઆતથી જ લાઈટલી જ લેતો આવ્યો છું. જો કે મારી આ સક્સેસમાં ફ્રેન્ડ્સએ આપેલા પોઝિટિવ સપોર્ટને હું હંમેશા યાદ રાખીશ.

**-મનોજ કુમાવત** 28મો રેંન્ક, ઈન્ટર મિડિએટ

## કરિયર માટે મળી પ્રેરણા

આ રિઝલ્ટે મને કરિયરમાં આગળ વધવાની પ્રેરણા પૂરી પાડી છે. ડેઈલી 8 કલાકની મહેનતની સાથે હું એક્સ્ટ્રા એક્ટિવિટીમાં પણ એટલા રસથી ભાગ લેતો હતો. મારા આ એક્સપીરિયન્સથી કહું તો પ્લાનિંગ સાથે મહેનત ચોક્કસ રંગ લાવે છે.

**પ્રતિક પંડ્યા,** 46મો રેંન્ક, ઈન્ટર મીડીએટ

## પેરેન્ટ્સને આપી ગિફ્ટ

મારા માટે આ સક્સેસ તે પેરેન્ટસને આપેલી મારી સ્પેશિયલ ગિફ્ટ છે. મારી પ્રિપરેશનમાં તેમના ઈમોશનલ સપોર્ટને કારણે મને અંતિમ તબક્કાની તૈયારીમાં ઘણી હેલ્પ મળી છે. ભવિષ્યમાં હું કોર્પોરેટ સેક્ટરમાં પ્રતિષ્ઠિત લેવલે જોબ કરવા માગુ છું.

**મુકેશ અશ્વની,** 46મો રેન્ક, ઈન્ટર મિડિએટ

# CAની સાથે ૨૦૧૬થી કોસ્ટ એકાઉન્ટિંગનો કોર્સ પણ બદલાશે

અમદાવાદ,શુક્રવાર

સીએના કોર્સનો ૨૦૧૬થી કોર્સ બદલાઈ રહ્યો છે ત્યારે સીએના કોર્સ સાથે ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટિંગ ઓફ ઈન્ડિયા દ્વારા કોસ્ટ એકાઉન્ટિંગનો કોર્સ પણ બદલાઈ રહ્યો છે.

# કોસ્ટ એકાઉન્ટિંગના ઈન્ટરમિડીએટ અને ફાઈનલ પરિણામમાં અમદાવાદમાંથી સાત વિદ્યાર્થીઓ

જ્યારે તાજેતરમાં ઈન્સ્ટિટ્યુટ દ્વારા જાહેર કરાયેલા કોસ્ટ એકાઉન્ટના અભ્યાસક્રમની ઈન્ટરમીડિએટ અને ફાઈનલ પરીક્ષાનું પરીણામ જાહેર કરાયુ હતું.જેમાં ઈન્ટરમીડિએટનું જુના કોર્સનું ૧૮ ટકા અને નવા કોર્સનું ૧૪ ટકા પરિણામ છે.મહત્વનું છે કે ઈન્ટરમીડિએટમાં દેશના ટોપ ૫૦ વિદ્યાર્થીમાં અમદાવાદના ૪ તેમજ ફાઈનલમાં અમદાવાદના ૩ વિદ્યાર્થી આવ્યા છે. સીએ અને કોસ્ટ એકાઉન્ટિંગ એટલેકે આઈસીડબલ્યુ અથવા સીએમએ અભ્યાસક્રમનો મોટા ભાગનો સીલેબસ અને અભ્યાસક્રમ તથા પરીક્ષાની પેટર્ન પણ એક જેવા હોય છે ત્યારે ૨૦૧૬માં સીએનો કોર્સ બદલાવાનો છે ત્યારે કોસ્ટ એકાઉન્ટિંગનો કોર્સ પણ બદલાવા જઈ રહ્યો છે.

જ્યારે તાજેતરમાં સીએ ફાઈનલ અને ઈન્ટરમીડીએટના પરીણામ બાદ કોસ્ટ એકાઉન્ટિંગની જુનમાં લેવાયેલી ઈન્ટર અને ફાઈનલ પરીક્ષાના પરિણામે પણ જાહેર કરાયા છે.જેમાં અમદાવાદ ચેપ્ટરનું ઈન્ટરનું જુના કોર્સનું ૧૨ ટકા અને નવા કોર્સનું ૧૦ ટકા પરિણામ રહ્યુ છે તેમજ ફાઈનલનું જુના કોર્સનું ૨૬ ટકા અને નવા કોર્સનું ૧૯ ટકા રહ્યુ છે.ઓલ ઈન્ડિયાનું ઈન્ટરનું ૧૮ ટકા અને નવા કોર્સનું ૧૪ ટકા જ્યારે ફાઈનલનું ૧૯ ટકા અને નવા કોર્સનું ૧૭ ટકા પરિણામ રહ્યુ છે.દેશના ટોપ વિદ્યાર્થીઓમાં ફાઈનલમાં ૩૭માં ક્રમે,૪૦મા ક્રમે અને ૪૯માં ક્રમે અમદાવાદના વિદ્યાર્થી આવ્યા છે.

2012 સિલેબસ તથા 2008 સિલેબસનું પરિણામ જાહેર

# CMAનું અમદાવાદ ચેપ્ટરનું 19 ટકા પરિણામ, ટોપ 50માં 3

## કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટિંગનું ઇન્ડિયા લેવલનું 17 ટકા પરિણામ

એજ્યુકેશન રિપોર્ટર . અમદાવાદ

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટિંગ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા જૂન, 2015માં લેવાયેલી સીએમએ (કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટિંગ) નું પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું છે. 2012 સિલેબસની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓનું ઓલ ઈન્ડિયા લેવલનું 17 ટકા જ્યારે અમદાવાદ ચેપ્ટરનું 19 ટકા પરિણામ આવ્યું છે જ્યારે 2008 સિલેબસની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓનું ઓલ ઈન્ડિયા લેવલનું 19 ટકા અને અમદાવાદ ચેપ્ટરનું 26 ટકા પરિણામ જાહેર થયું છે. સીએમએની ફાઈનલ પરીક્ષામાં ટોપ 50માં 3 વિદ્યાર્થી ઝળક્યા છે.

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટિંગ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ના ચેરમેન વિનોદ સાવલિયા, વાઈસ ચેરમેન આશિષ ભાવસાર, પ્રદીપ દેસાઈ, પી. ડી. મોઢે જણાવ્યું હતું કે, જૂન, 2015માં લેવાયેલી પરીક્ષામાં 2012 સિલેબર્સ મુજબ નોંધાયેલા કુલ 292 વિદ્યાર્થી પાસ થતાં ઓલ ઈન્ડિયા લેવલનું 17 ટકા જ્યારે અમદાવાદ ચેપ્ટરનું 19 ટકા પરિણામ આવ્યું છે. 2008 સિલેબર્સ મુજબ નોંધાયેલા કુલ 188 પૈકી 49 વિદ્યાર્થી પાસ થતા ઓલ ઈન્ડિયા લેવલનું 19 ટકા જ્યારે અમદાવાદ ચેપ્ટરનું 26 ટકા પરિણામ આવ્યું છે.

### ટોપ 50માં સામેલ ફાઈનલ રેન્ક હોલ્ડર

| નામ | રેન્ક |
|---|---|
| દીપક મુલચંદાની | 37મો રેન્ક |
| હર્ષદીપ સલુજા | 40મો રેન્ક |
| નિયતિ શાહ | 46મો રેન્ક |

### ઈન્ટરમીડિયેટ રેન્ક હોલ્ડર

| | |
|---|---|
| મનોજ કુમાવત | 28મો રેન્ક |
| ક્રિષ્ણાકાંત જાજુ | 31મો રેન્ક |
| પ્રતીક પંજ્વા | 46મો રેન્ક |
| મુકેશ અશ્વાની | 46મો રેન્ક |

### વિદ્યાર્થીઓને છ લાખનું પેકેજ!

સીએ, સીએસ તથા મેનેજમેન્ટ સહિતના પ્રોફેશનલ કોર્સિસની જેમ કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટિંગ (સીએમએ)ની ડિગ્રી મેળવનારા વિદ્યાર્થીઓને પણ નેશનલ-મલ્ટિનેશનલ કંપનીઓ વાર્ષિક પાંચથી છ લાખ રૂપિયાનું પેકેજ આપતી હોય છે. તાજેતરમાં યોજાયેલા પ્લેસમેન્ટમાં ટાટા મોટર્સ, આઈટીસી, હિન્દુસ્તાન લિવર સહિતની નેશનલ અને મલ્ટીનેશનલ કંપનીઓએ સીએમએની ડિગ્રી ધરાવતા ઉમેદવારોને નોંધપાત્ર પેકેજ ઓફર કર્યું હતું.

ફાઇનલ પરીક્ષામાં ૫૩ અને ઇન્ટરમીડીએટમાં ૫૭ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા

# કોસ્ટ એકાઉન્ટન્ટ્સની ફાઇનલમાં શહેરના ત્રણ વિદ્યાર્થીઓ ટોપ 50માં

**નવગુજરાત સમય > અમદાવાદ**

ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા જૂન ૨૦૧૫માં લેવાયેલી ફાઇનલની પરીક્ષામાં ૫૩ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા હતા. જ્યારે ઇન્ટરમીડીએટ પરીક્ષામાં કુલ ૫૭ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા છે. ફાઇનલની પરીક્ષામાં દિપક મુલચંદાની ઓલ ઇન્ડિયામાં ૩૭ અને અમદાવાદમાં પ્રથમ ક્રમે, હર્ષદીપ કે. સલુજા ઓલ ઇન્ડિયામાં ૪૦માં અને અમદાવાદમાં બીજા અને નિયતી શાહ ઓલ ઇન્ડિયામાં ૪૬ અને અમદાવાદમાં ત્રીજા રેંકમાં આવ્યા છે. અગાઉ લેવાયેલી પરીક્ષામાં ઓલ ઇન્ડિયાનું પરિણામ ૪ ટકા અને અમદાવાદનું પરિણામ ૨.૫ ટકા આવ્યુ હતુ. જ્યારે હાલ જાહેર થયેલા પરિણામમાં ઓલ ઇન્ડિયાનું પરિણામ ૧૯ ટકા અને અમદાવાદનું પરિણામ ૧૯ ટકા આવ્યું છે. એટલે કે પરિણામમાં ઉડીને આંખે વળગે તેવો વધારો જોવા મળ્યો છે.

સામાન્ય રીતે વિદ્યાર્થીઓની પહેલી પસંદગી સી.એસ. અને સી.એ. તરફ રહેતી હોય છે. પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓ કોસ્ટ મેનેજમેન્ટ એકાઉન્ટ એટલે કે સીએમએથી અજાણ હોય છે. સી.એ. અને સી.એસ.ની જેમ આ કોર્સમાં ફાઉન્ડેશન, ઇન્ટરમીડીએટ અને ફાઇનલ એમ, ત્રણ તબક્કામાં અભ્યાસ કરવાનો હોય છે. ધો.૧૨ પાસ કરીને વિદ્યાર્થીઓ ફાઉન્ડેશનમાં જોડાઇ શકે છે. આર્ટસ,કોમર્સ અને સાયન્સ સહિત કોઇપણ શાખામાં ગ્રેજ્યુએટ અથવા તો નોકરી કરતાં હોય તો સીધા ઇન્ટરમીડીએટમાં પ્રવેશ મળે છે. સી.એ. અને સી.એસ. કરતાં કોર્સ અઘરો હોવાથી પરિણામ પણ નીચુ આવતું હોય છે. અમદાવાદ ચેપ્ટરનું ફાઇનલનું વર્ષ ૨૦૦૮ના વિદ્યાર્થીઓનું પરિણામ ૨૯ ટકા અને ૨૦૧૨ના સીલેબસના વિદ્યાર્થીઓનું પરિણામ ૧૯ ટકા આવ્યું છે.

આ જ રીતે ઇન્ટર મીડીએટમાં ૨૦૦૮ના સીલેબસનું પરિણામ ૧૨ ટકા અને ૨૦૧૨ના સીલેબસનું પરિણામ ૧૦ ટકા આવ્યું છે. ઓલ ઇન્ડિયા લેવલે વર્ષ ૨૦૦૮ના વિદ્યાર્થીઓનું પરિણામમ ૧૯ ટકા અને ૨૦૧૨ના વિદ્યાર્થીઓનું પરિણામ ૧૭ ટકા આવ્યું છે. આ રીતે ગણતરી કરીએ તો ફાઇનલમાં ૨૦૦૮ના સીલેબસ કરતાં ૨૦૧૨ના સીલેબસનું પરિણામ ૭ ટકા ઘટયુ છે. ઇન્ટર મીડીએટમાં પણ બન્ને વર્ષમાં બે ટકા પરિણામ ઘટયુ છે. ઓલ ઇન્ડિયા લેવલમાં ફાઇનલમાં બે ટકા પરિણામ ઘટયું છે. ચેપ્ટરના ચેરમેન વિનોદ સાવલિયા કહે છે વર્ષ ૨૦૧૬થી સી.એ.ની જેમ સીએમએના કોર્સમાં પણ ફેરફાર કરવામાં આવશે. કોઇપણ કંપનીમાં બનતી ચીજવસ્તુની પ્રાઇસ કંટ્રોલ કરવા માટે દરેક કંપનીમાં સીએમએની ફરજિયાત જરૂર પડે છે. જેના લીધે હવે વધુને વધુ વિદ્યાર્થીઓ આ કોર્સ કરવા પ્રેરાઇ રહ્યા છે.

### અમદાવાદના ટોપર્સ

| નામ | AIR | અ'વાદ |
|---|---|---|
| દિપક મુલચંદાની (ફાઇ.) | ૩૭ | ૧ |
| હર્ષદીપ સલુજા (ફાઇ.) | ૪૦ | ૨ |
| નિયતી શાહ (ફાઇ.) | ૪૬ | ૩ |
| મનોજ કુમાવત (ઇ.) | ૨૮ | ૧ |
| ક્રિષ્ણકાંત જાતુ (ઇ.) | ૩૧ | ૨ |
| પ્રતિક પંડયા (ઇ.) | ૪૬ | ૩ |
| મુકેશ અશ્વની (ઇ.) | ૪૬ | ૩ |